સાબરકાંઠા જિલ્લામાં ધો-૧૦ બોર્ડનું ૫૧.૭૧ ટકા પરિણામ

રણાસણ પરીક્ષા કેન્દ્રનું સૌથી વધુ ૭૪.૧૭ ટકા, જ્યારે સૌથી ઓછુ ખેડબ્રહ્મા પરીક્ષા કેન્દ્રનું ૩૧.૯૦ ટકા : સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે ૧૧.૨૯ ટકા પરિણામ ઓછુ આવ્યું

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંગળવારે ધોરણ-૧૦ નું પરિણામ જાહેર કરાયુ છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં ૫૧.૭૧ ટકા પરિણામ આવ્યુ છે. જિલ્લાના ૩૫ પરીક્ષા કેન્દ્રો પરથી ૧૯૭૫૧ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું આજે પરિણામ જાહેર થતા એ-૧ ગ્રેડમાં ૨૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા, જયારે ૧૦૨૧૩ વિદ્યાર્થીઓનો ઈકયુસી ગ્રેડમાં સમાવેશ થયો છે. જિલ્લામાં રણાસણ પરીક્ષા કેન્દ્રનું સૌથી વધુ ૭૪.૧૭ ટકા, જયારે સૌથી ઓછુ ખેડબ્રહ્મા પરીક્ષા કેન્દ્રનું ૩૧.૯૦ ટકા પરિણામ આવ્યુ હતું. સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે ધોરણ-૧૦ ના પરિણામમાં ઘટાડો નોંધાયો છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧૧.૨૯ ટકા ઓછુ પરિણામ આવતા શાળાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. જેના કારણે વાલીઓ અને સંચાલકોમાં પણ ચિંતા જોવા મળી છે.

આ અંગે જિલ્લા શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર કોરોના વાયરસની મહામારી દરમિયાન ધોરણ-૧૦નું પરિણામ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંગળવારે જાહેર કરાયુ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષણ વિભાગની વેબસાઈટ પર સવારે ૮ વાગે ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓનું ઓનલાઈન પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓએ અને વાલીઓએ પોતાના મોબાઈલમાં જ પોતાનું પરિણામ જાણી લીધુ હતું. સારા ટકા મેળવનાર વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી, જયારે નાપાસ થયેલા વિદ્યાર્થીઓના ચહેરા પર ચિંતાની લકીરો જોવા મળી હતી. સાબરકાંઠા જિલ્લામાં માર્ચ માસ દરમિયાન લેવાયેલી ધોરણ-૧૦ ની પરીક્ષા દરમિયાન કુલ ૩૫ પરીક્ષા કેન્દ્રો પર કુલ ૨૦૧૭૨ નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૯૭૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં એ-૧ ગ્રેડમાં માત્ર ૨૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે, જયારે ૧૦૨૧૩ વિદ્યાર્થીઓનો ઈકયુસી ગ્રેડમાં સમાવેશ થયો છે. ગત વર્ષની સરખામણીમાં ૨૦૨૦ માં લેવાયેલી ધોરણ-૧૦ ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧૧.૨૯ ટકા ઓછુ આવ્યુ છે. જિલ્લામાં ૧૦૦ ટકા પરિણામવાળી માત્ર ત્રણ શાળાઓનો સમાવેશ થયો છે ત્યારે શાળા સંચાલકો અને વાલીઓમાં ચિંતા જોવા મળી છે. કોરોના વાયરસની બિમારી વચ્ચે મંગળવારે જાહેર થયેલ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ હવે વિદ્યાર્થીઓ કયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવીને કારકિર્દી બનાવવી તે માટેની કવાયત હાથ ધરી છે.

અરવલ્લીમાં કોરોના બેકાબુ ૧૩૭ એ આંક પહોંચ્યો

મોડાસાની ૬૫ વર્ષીય મહિલા અને ધનસુરાના વજેપુર કંપા ૩૮ વર્ષીય યુવકને કોરોના ભરખી ગયો

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લામાં લોકડાઉન પછી અનલોક-૧ની પરિસ્થિતિમાં રોજબરોજ કોરોના પોઝેટીવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓનો મૃત્યુ આંક સતત વધતા લોકોમાં કોરોનાનો ભય હાવી થઈ રહ્યો છે, જીલ્લામાં કોરોનાથી સંક્રમિત દર્દીઓનો આંક ૧૩૭ પર પહોંચ્યો છે જેમાં ૧૦ લોકો કોરોના સામે જંગ હારી ગયા છે. મોડાસા શહેરમાં અત્યાર સુધી ૭ લોકોને કોરોના ભરખી જતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં મોડાસા શહેરની કોટ વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય મહિલા અને ધનસુરા તાલુકાના વજેપુર કંપાનો ૩૮ વર્ષીય યુવકનું મોત નીપજયું છે. આરોગ્યતંત્ર કોરોનાગ્રસ્ત વિસ્તારમાં રાબેતા મુજબ સર્વેની કામગીરી હાથ ધરી હતી.

લોકડાઉન-૧માં કોરોના સામે સંપૂર્ણ સલામત રહેલો અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ માં કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી લોકો પ્રવેશતા કોરાના વિસ્ફોટ થતા ૨૪ કલાકમાં ૨૫ લોકો કોરોનાનો શીકાર બન્યા હતા. લોકડાઉનમાં ગેરકાયદે છુટછાટ ભોગવવું મોડાસા શહેર જિલ્લાના નાગરિકોને ભારે પડયું હતું અને કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા દિનપ્રતિદિન વધી હતી તે દરમ્યાન લોકડાઉન-૩ માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તથા ટેસ્ટીંગ વધારી દેવાના કારણે કોરોનાના સંક્રમણ ઉપર તંત્રને કાબુ મળ્યો હોય તેવી સ્થિતિ ઉભી થઈ હતી, પરંતુ છુટછાટવાળું લોકડાઉન-૪ અને ત્યારબાદ છેલ્લા ૮ દિવસથી અનલોક-૧ ચાલી રહયું છે જેમાં મોડાસા શહેર અને જિલ્લામાં લોકો ભયમુક્ત થઈને બેફામ અવરજવર કરી રહયા છે જેના પગલે મોડાસા શહેર અને જિલ્લામાં સતત કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી છે.

તલોદ તાલુકાના ઓઢવનગરના વૃદ્ધનું કોરોના મહામારીના કારણે મોત

જિલ્લામાં કોરોનાના કારણે પાંચ દર્દીઓના મોત

સાબરકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે કોરોના મહામારીના કારણે મંગળવારે તલોદ તાલુકાના ઓઢવનગરના વૃધ્ધનું મોત નિપજયુ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં કોરોનાના કારણે અત્યાર સુધીમાં ૦૫ દર્દીઓના મોત નિપજયા છે, જયારે ૧૨૦થી વધુ દર્દીઓ કોરોના પોઝીટીવ થતા સારવાર હેઠળ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર તલોદ તાલુકાના ઓઢવનગરના ૬૧ વર્ષના વૃધ્ધમાં કોરોના પોઝીટીવ આવતા હિંમતનગર મેડીકલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન મંગળવારે સવારે આ વૃધ્ધ દર્દીનું મોત નિપજયુ હતું. જિલ્લામાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે લોકડાઉન બાદ લોકોમાં જાગૃતિનો ફેલાવો, સેનીટાઈઝેશન, ફરજીયાત માસ્કનો ઉપયોગ સહિતની બાબતોની કાળજી લેવામાં આવે તેવી અપીલ તંત્ર દ્વારા વારંવાર કરવામાં આવતી હોવા છતાં લોકો બેફીકરાઈથી બજારમાં ફરવા લાગ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થાય તો નવાઈ નહિ. અત્યાર સુધીમાં પ્રાંતિજ તાલુકામાં ૨૬, તલોદ તાલુકામાં ૧૧, ઈડરમાં ૦૮, વડાલીમાં ૦૮, ખેડબ્રહ્મામાં ૧૧, પોશીનામાં ૦૩ મળી જિલ્લામાં ૧૨૦થી વધુ દર્દીઓ કોરોના પોઝીટીવ આવતા સારવાર અપાઈ હતી. જેમાંથી ૮૯ દર્દીઓ સારવાર બાદ હોસ્પિટલમાં રજા આપવામાં આવી હતી.

અરવલ્લી ધો-૧૦માં ૬૧.૧૦ ટકા પરીણામ સાથે સમગ્ર રાજ્યમાં ૧૨ ક્રમે

ગુજરાત રાજ્ય માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું ૬૦.૬૪ ટકા પરીણામ જાહેર કરવામાં આવ્યું જેમાં અરવલ્લી જિલ્લો ૬૧.૧૦ ટકા પરીણામ મેળવી સમગ્ર રાજ્યમાં ૧૨ ક્રમે રહ્યો છે. રાજ્ય માધ્યમિક બોર્ડ દ્વારા પરીણામ જાહેર કરવામાં આવતા જિલ્લાના ૨૬ કેન્દ્રો પૈકી બાયડના જીતપુર કેન્દ્રનું સૌથી ઉંચું ૭૫.૭૦ ટકા આવ્યું છે જિલ્લામાં ૧૦ શાળાઓ ૧૦૦ ટકા પરીણામ પ્રાપ્ત કર્યુ છે. આમ અરવલ્લી જિલ્લો ધો-૧૦માં ૬૧.૧૦ ટકા પરીણામ સાથે રાજ્યમાં ૧૨ ક્રમે રહ્યો છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફને બિરદાવાયા

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફને બિરદાવવા સર્ટીફીકેટ અપાયા હતા. કોરોના વાઈરસ મહામારી દરમ્યાન ખડે પગે ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફનો ઉત્સાહ વધારવા તેમજ સેનેટાઈઝરની કામગીરીને બિરદાવવા સંદર્ભે એપરેસ્સીયેટ સર્ટીફીકેટ અપાયા હતા. ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, કોટેઝ હોસ્પિટલ અધિક્ષક ડૉ.હિનાબેન શાહ, ટી.એન.એ.આઈ. ઉત્તર ગુજરાત રીપ્રેઝન્ટટેટીવ જ્યોત્સનાબેન ચૌધરી, નર્સિંગ એસોસિએશનના શૈલેષભાઈ નાઈ ઉપસ્થિત રહ્યા હતા.

કાણોદરની સરકારી પ્રાથમિક શાળા-૧ અને એસ. કે. એમ. હાઈસ્કૂલનું ગૌરવ

કાણોદરની સરકારી પ્રાથમિક શાળા-૧ અને એસ. કે.એમ. હાઈસ્કૂલની પ્રતિભા એસ.એસ.સી. અને એચ.એસ.સી.માં જોવા મળી. સમાજમાં એક એવું વાતાવરણ નિર્માણ થયું છે કે દરેક ગામના વાલીઓ એસ.એસ.સી. કે એચ.એસ.સી.નું પરિણામ શું આવ્યું ? તે જાણવા પરિવાર અને સગા સંબંધીઓ ઉત્સુક હોય છે. બહુ ઓછા ગામમાં વાલીઓને ગામની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક ગુણવત્તા જોવાની અને તેના સુધારા માટે સતત પ્રયત્નશીલ રહેવાનું વાતાવરણ હોય છે. ગતરોજ એસ.એસ.સી.નું પરિણામ આવ્યું.

જેમાં એસ.કે.એમ. હાઈસ્કુલ કાણોદરનું પરિણામ જોઈ કાણોદર પ્રાથમિક શાળા નંબર-૧ ના શાળા, એસ.એમ.સી. અને ગૌરવ કુંભના સભ્યોની ખુશીનો પાર ન રહ્યો. કારણ ધો.૧૦ ના પરિણામમાંથી ટોપટેન વિદ્યાર્થીઓના નામ કાણોદર એસ.કે.એમ. હાઈસ્કૂલ દ્વારા જાહેર કરાયા છે. તેમાં ૮ વિદ્યાર્થીઓ કાણોદર પ્રાથમિક શાળા નં.૧ના છે. જે આવનારા સમયમાં દરેક વાલીઓ માટે સમજવા જેવો સંદેશ છે. હજુ સમય છે. ગામની સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવીએ, નાણાંની બચત કરીએ અને ગામનું ગૌરવ વધારવા શિક્ષણપ્રેમીઓ દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું.

ટાકાટુકા શ્રીમતિ એસ. ડી. વ્યાસ હાઈસ્કુલનું ગૌરવ

ભિલોડા,તા.૯

શ્રી ટાકાટુકા ગ્રૂપ કેળવણી મંડળ, ટાકાટુકા સંચાલિત શ્રીમતિ એસ. ડી. વ્યાસ હાઈસ્કુલનું ગૌરવ

વિદ્યાર્થીનીએ વધારતા આનંદની લાગણી પ્રસરી છે. વર્ષ - ૨૦૨૦ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીની તન્વીબેન જગદીશભાઈ પટેલએ ૯૯.૦૨ પર્સેન્ટાઈલ રેંક મેળવી ટાકાટુકા સેન્ટરમાં પ્રથમ ક્રમાંક મેળવી હાઈસ્કુલનું ગૌરવ વધારેલ છે. શ્રી ટાકાટુકા ગ્રૂપ કેળવણી મંડળ પ્રમુખ કુમાર ઈન્દ્રવિજયસિંહ ડી. રાઠોડ, ઉપપ્રમુખ એસ.કે.પટેલ, મંત્રી કે. બી. પટેલ, આચાર્ય આઈ.એસ. પટેલ, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.

ગુજરાત ચેમ્બરની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મનું વિતરણ શરૂ

વેપારીઓના પ્રશ્નોની રજૂઆત સરકાર સમક્ષ મજબૂત રીતે થાય તેના માટે રચાયેલી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો મૂળ હેતુ વર્તમાન સમયમાં ભુલાઈ ગયો છે. તેમ છતાં ચેમ્બરના હોદ્દેદાર હોવું એક પ્રતિષ્ઠાની વાત હોવાથી છેલ્લા કેટલાક વર્ષોથી ચેમ્બરની ચૂંટણી હાઈફાઈ અને ખર્ચાળ બની રહી છે. ત્યારે જ આગામી વર્ષના હોદ્દેદારો માટે યોજાનારી ચેમ્બરની ચૂંટણીની પ્રક્રિયા મંગળવાર ૯ મી જૂનથી શરૂ થઈ છે. ૯ મી જૂનથી ઉમેદવારી માટેના ફોર્મ ચેમ્બરની ઓફિસથી મળવાના શરૂ થયા છે. ઉમેદવારો લડવા માટે મક્કમ રહેશે તો ૧૧મી જુલાઈએ હોદ્દેદારો માટેનું મતદાન થશે અને ૧૨મી જુલાઈએ પરિણામ જાહેર થશે.

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઇનુ

પ્રાંતિજ એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા સન્માન પત્ર આપી સન્માન કરાયું

પ્રાંતિજ ખાતે કોરોના વોરીયર્સ તરીકેની ખૂબ જ પ્રસંશનીય કામગીરી : આજે પણ નગરજનો મહિલા પીએસઆઇની કામગીરીને યાદ કરે છે

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવીને હિંમતનગર ખાતે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પીએસસાઈનું પ્રાંતિજ એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું.

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું હતું જેમાં લોકડાઉનમા પ્રાંતિજ પોલીસ કામગીરી પણ બિરદાવા લાયક છે અને પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવતના માર્ગ દર્શન હેઠળ પ્રાંતિજ પીએસસાઈ બી. ડી. રાઠોડ તથા થોડા દિવસો પહેલાં પ્રાંતિજથી બદલી થઈ ગયેલ મહિલા પીએસસાઈ પી. ડી. ચૌધરીની પણ કોરોના વોરીયર્સ તરીકેની સુંદર કામગીરીને લઈને પ્રાંતિજ ખાતે કાર્યરત એકલવ્ય એજયુકેશન ફાઉન્ડેશનના ડાયરેક્ટર હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર દિમીબેન બ્રહ્મભટ્ટ દ્વારા મહિલા પીએસઆઈ પી. ડી. ચૌધરીની કોરોના વોરીયર્સ તરીકેની કામગીરીને લઈને તેવોને બિદરાવવામા આવ્યા હતાં તો સાબરકાંઠા એસપી રવિન્દ્ર મંડલીક પણ તેવોની પ્રાંતિજ ખાતે ખુબ જ પ્રસંશનીય કામગીરીને લઈને તેવોને પોતાના હસ્ત પોલીસ સ્ટેશનની જવાબદારી સાથે તેવોની પ્રાંતિજથી હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી છે અને બદલી થયા બાદ પણ પી. ડી. ચૌધરીની પ્રાંતિજ ખાતેની કામગીરી આજે પણ લોકો ભુલ્યા નથી અને તેનું આ સચોટ ઉદાહરણ કહીએ તો પણ નવાઈ નહી કે તેવો ની બદલી થયેલ છે અને ૨૫થી ૩૦ દિવસ થયા પણ તેવોની કામગીરી આજે પણ પ્રાંતિજ ના રહીશો કદર કરે છે અને જેને લઈને પ્રાંતિજ ખાતે કાર્યરત એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજના કોરોનાના વોરીયર્સોની સાથે આજે તેવોની કામગીરી પણ ભુલ્યુ નથી અને પ્રાંતિજના કોરોના વોરીયર્સનુ સન્માન પત્ર આપી સન્માન કર્યું હતું તો પ્રાંતિજથી બદલી થઈ હિંમતનગર ખાતે ગયેલ મહિલા પીએસઆઈ પી. ડી. ચૌધરીનુ પણ એકલવ્ય ફાઉન્ડેશનના ડાયરેક્ટર હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા નગરપાલિકા કોર્પોરેટર દિમીબેન બ્રહ્મભટ્ટ દ્વારા હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશન જઈ ને તેમણે સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં તો કોરોના વોરીયર્સનું જયાં કામ બોલે છે ત્યાં આવા એકલવ્ય ફાઉન્ડેશન જેવી વિવિધ સંસ્થાઓ રહીશો તેમની કામગીરીને ખરેખર બિરદાવે છે ત્યારે પ્રાંતિજ ખાતે મહિલા પીએસઆઇ તરીકે ફરજ બજાવી ચુકેલા પી. ડી. ચૌધરીની ખરેખર પ્રસંશનીય કામગીરી હતી તે તો તેવોની બદલી થયા પછી પણ તેમનુ સન્માન થતું હોય તે ઉપરથી જ તેમની કામગીરીની ખરેખર પ્રસંશનીય છે તેમ કહી એ તો પણ નવાઈ નહીં.

પ્રાંતિજ પોલીસે માત્ર ગણતરીના દિવસોમાં જ સિંગદાણાની ચોરીનો ભેદ ઉકેલ્યો : ૩ ની અટકાયત

સલાલ ખાતે આવેલ ગોડાઉન ખાતેથી ૮૨ હજારના સિંગદાણા ચોરાયા હતા

પ્રાંતિજના સલાલ ખાતે આવેલ દવા તથા બિયારણના ગોડાઉનના તાળા તોડી ગોડાઉનમાંથી રૂા.૮૨,૨૫૦ ની મત્તાના સિંગદાણાની ૩૫ બેગ ચોરી તસ્કરો ભાગી છૂટયા હતા. ચોરીના આ પ્રકરણમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગોડાઉન માલિક દ્વારા ફરિયાદ કરાયા બાદ પોલીસે ગણતરીના દિવસોમાં જ મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના સલાલ ખાતે આવેલ કુષિ કેર નામની દવા તથા બિયારણના ગોડાઉનમાંથી તા.૩૬૨૦૨૦ થી તા.૪૬૨૦૨૦ સુધીમાં રાત્રિના કોઈ પણ સમયે ગોડાઉનના તાળા તોડી ગોડાઉનમાંથી સિંગદાણાની કુલ-૩૫ બેગ જેની કુલ કિંમત રૂા.૮૨,૨૫૦ કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ ગોડાઉન માલિક મનિષભાઈ ઉર્ફે મનોજભાઈ સોમાભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ત્યારબાદ પ્રાંતિજ પી.આઈ. એમ.ડી.ચંપાવતના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પી.એસ.આઈ. બી.ડી.રાઠોડ તથા પોલીસ એ.એસ.આઈ માનસિંહ, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રણવકુમાર, રાજેન્દ્રસિંહ, દિપકસિંહ, મહેશકુમાર, કિરીટભાઈ,

અશોકભાઈ, જગદીશભાઈ દ્વારા રાત્રિના સમયે પ્રાંતિજના ફતેપુરા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતાં તે દરમિયાન તેઓને ખાનગી બાતમી મળતા અને બાતમીના આધારે તપાસ કરતા ચાર દિવસ પહેલા સલાલ ખાતે આવેલ ગોડાઉનમાંથી સિંગદાણાની ચોરી થયેલ ૩૫ બેગ એક બેગની કિંમત રૂા.૨૩૫૦ મળી કુલ-૩૫ બેગની કિંમત રૂા.૮૨,૨૫૦ પ્રાંતિજ પોલીસ દ્વારા વોચ ગોઠવી વાહન ચેકિંગ કરતા ફતેપુરા નિકોડા વેચાણ કરવા નીકળેલા શખ્સોને પોલીસે તલાશી દરમિયાન ઝડપી લીધા હતા. ટાટા સ્પેશીયો ગાડીમાં તપાસ કરતા ગાડીમાંથી ચોરી કરેલ સિંગદાણાની થેલીઓ મળી આવતા પોલીસ દ્વારા કડક પુછપરછ કરતા ઝડપાયેલા શખ્સો ભાંગી પડ્યા હતાં. જેમાં કૌશિકકુમાર દેવચંદભાઈ પટેલ (ઉ.વ.૨૫, રહે.ખોધોલ ખેલવાસ ધારાપુર, તા.હિંમતનગર) તથા કલ્પેશકુમાર મુકેશભાઈ પટેલ (ઉ.વ.૨૫, રહે.કાંણીયોલ પટેલવાસ, તા.હિંમતનગર હાલ રહે.હરીઓમ સોસાયટી) તથા યશ જીતેન્દ્રકુમાર પટેલ (રહે.ખાધોલ પટેલવાસ, તા.હિંમતનગર) ની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી મુદા?માલ કબજે કર્યો હતો. જેમાં પોલીસે ૩૫ બેગ તથા ટાટા સ્પશીયો ગાડી જેની કિંમત રૂા. ૧,૫૦,૦૦૦ તથા રૂા.૮૨,૨૫૦ નો મુદ્દામાલ સાથે કુલ રૂા.૨,૩૨,૨૫૦ મુદ્દામાલ સાથે ત્રણેય આરોપીઓની અટકાયત કરી જેલ ભેગા કરાયા છે.

મોડાસા ટાઉન પોલીસે ડુઘરવાડા રોડ નજીક ઝાડ નીચે ખુલ્લામાં જુગાર રમતા ૪ શકુનિઓને દબોચ્યા

લોકડાઉન અનલોક થતાની સાથે ગેરકાયદેસર પ્રવૃતિઓએ માજા મૂકી છે. અરવલ્લી જીલ્લાના વડા મથક મોડાસા શહેરના ડુઘરવાડા રોડ પર આવેલ સહારા સોસાયટી પાછળ ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે જુગાર રમાતો હોવાની પીએસ આઈ રાઠોડને મળતા તાબડતોડ રેડ કરી જુગાર રમતા બે શખ્સોને રૂ.૧૧૨૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા પોલીસ રેડ જોઈ ફરાર થઈ ગયેલા બે શકુનિઓને ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા શહેરમાં દેશી-વિદેશી દારૂનો વેપલો, જુગારધામ અને વરલી મટકાની બદીએ માજા મૂકી છે, પોલીસ સ્ટેશનનો ચાર્જ પીએસઆઈ પી.ડી. રાઠોડને સોંપવામાં આવ્યો છે. મોડાસાની સહારા સોસાયટી પાછળ આવેલ ખેતરમાં છેલ્લા કેટલાક સમયથી જુગારીઓએ અડ્ડો જમાવ્યો હોવાની બાતમી મળતા પીએસ આઈ તેમની ટીમ સાથે રેડ કરતા ઝાડ નીચે ખુલ્લામાં હાર-જીતનો જુગાર રમતા ચાર જુગારીઓમાંથી ૨ જુગારીઓ ફરાર થઈ જતા ટાઉન પોલીસે સ્થળ પરથી બાબુ કાળા મોડાસિયા રૌશનશા ફબાતીશા દિવાનને દબોચી લઈ ૧૧૨૦૦ રોકડા જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પોલીસરેડ જોઈ રફુચક્કર થઈ ગયેલા જાવેદ ઉર્ફે જદુ જીવા મલેક, ઈમ્તિયાઝ કાળુ માલપુરીયાને ગણતરીના કલાકોના ઝડપી પાડી ૪ શકુનિઓ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

શામળાજી પોલીસે ૧૪.૩૦ લાખના વિદેશી દારૂ સાથે ટ્રક ડ્રાઈવરને દબોચ્યો

શામળાજી, તા. ૯

અરવલ્લી જીલ્લામાં સ્ટેટ વિજિલન્સે ધામા નાખતા સતત જીલ્લામાં ચાલતા દારૂના વેપલાનો

પર્દાફાશ કરતા જીલ્લા પોલીસતંત્રમાં હડકંપ મચ્યો છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા ટ્રકમાં પૌષ્ટિક બ્રાન્ડ બેગની આડમાં ઘુસાડાતો વિદેશી દારૂના જથ્થા ૧૪.૩૦ લાખના દારૂ સાથે એક શખ્સને ઝડપી પડ્યો હતો. ભિલોડા પોલીસે ડોડીસરા ગામના તળાવ નજીક ઝાડીઓમાંથી ૧.૫ લાખનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સ્ટેટ વિજિલન્સની ટીમે ધનસુરા તાલુકાના હરિપુરા કંપા નજીકથી સ્વીફ્ટ કારમાંથી ૧.૩૮ લાખનો વિદેશી દારૂનો જપ્ત કરી સ્થાનિક પોલીસનું નાક વાઢી નાખ્યું હતું.

શામળાજી પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરાતા ટ્રકમાં હરિયાણા પૌષ્ટિક બ્રાન્ડની બેગ ભરી આવી રહેલા ટ્રકને અટકાવી તલાસી લેતા ટ્રક (ગાડી. એચઆર-૭૪-૫૨૫૩)માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૫૭૬ કી. રૂ. ૧૪૩૦૪૦૦ તથા ટ્રક, પૌષ્ટિક આહાર બ્રાન્ડ બેગ-૫૦૦, મોબાઈલ-૧ અને રોકડ રૂપિયા.૧૬૦૦૦ મળી કુલ રૂ.૨૫૫૬૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ડ્રાઈવર મુકેશ પ્રેમસિંહ પટેલ

(રહે. ઈન્દોર, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ દારૂનો જથ્થો ભરી આપનાર બુટલેગર અને વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર અંગે તપાસ હાથ ધરી હતી.